દાખલ થયા તા.૨૯/૦૩/૨૦૧૪
રજી.થયા તા.૧૩/૦૨/૨૦૧૫
ફેસલ થયા તા.૨૪/૦૪/૨૦૧૮
સમય ગાળો :–
૦૩ વર્ષ ૦૨ માસ ૧૧ દિવસ

——————————————————————————————————————

## ––––ધાનેરાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ શ્રી વી.એસ.ઠાકોર સાહેબની કોર્ટમાં...

——————————————————————————————————————

**<u>રે.મુ નં.૮૦/૨૦૧૫</u>**

**આંક:**

**<u>વાદી :</u>** –

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ધાનેરા શાખા ના મેનેજરશ્રી
સુનિલકુમાર હવાસિંહ કોઠારી ઉ.વ.૩૧,ધંધો.નોકરી
રહે.સ્ટેશન રોડ,મુ.ધાનેરા,તા.ધાનેરા,જી.બનાસકાંઠા.

**<u>વિ રુ દ ધ</u>**

**<u>પ્રતિવાદી :–</u>**

કણબી જેસુંગભાઈ ભગવાનભાઈ ઉ.વ.૩૮ ધંધો.ખેતી
રહે.ડુગડોલમોટી,તા.ધાનેરા,જી.બનાસકાંઠા.

——————————————————————————————————————

વાદી તર્ફે – વિ.વ. શ્રી બી.એમ.ગોહીલ
પ્રતિવાદી તર્ફે– બી.સી.બારોટ

——————————————————————————————————————

**<u>દાવોઃ–રૂા.૨,૯૩,૨૦૨/–(રૂપિયા બે લાખ તાણું હજાર બસો બે પુરા) તથા તા.૧૫/૦૩/૧૪ થી વ્યાસ સહિત વસુલ લેવા બાબત.</u>**

૧. આ કામના વાદીના દાવાની ટુકમાં હકીકત એવી છે કે,વાદી બેંક નાઓએ પ્રતિવાદીને રૂપિયા ૧,૭૫,૦૦૦/–નુ ખેતી પેદાશના હેતુ માટે ધિરાણ મેળવવા અરજી કરતા તા.૨૦/૦૭/૨૦૦૬ ના રોજ પ્રતિવાદીને બેંક એડવાન્સ રેડ થી ૦૦% ઓછા તથા ઓછામાં ઓછા ૧૦.૭૫ % વાર્ષિક ગણતરી અર્ધવાર્ષિક પ્રમાણેનો વ્યાજ દરના લેખે લોન આપેલ હતી.જે વખતે પ્રતિવાદીએ જરૂરી દસ્તાવેજો કરી આપેલ.સદર લોન પેટે પ્રતિવાદીએ મોજે ડુગડોલમોટી,તા.ધાનેરાના ખાતા નં.૫૦ રે.સ.નં.૯૬+૯૭/૧૦ ક્ષેત્રફળ ૧–૩૮–૬૧ હે.આરે.ચો.મી.તથા રે.સ.નં.૧૧૦/૪ ક્ષેત્રફળ હે.આરે.૪–૩૬–૦૫ ચો.મી.જમીન તારણમાં મુકેલ.તેમજ સદર લોનની નોંધ ઉપરોકત મિલકતમાં ગામ હકપત્રકે નોંધ નં.૧૦૩૨ થી તા.૨૭/૦૬/૨૦૦૬ ના રોજથી નોંધાયેલ છે.જે લોનની બાકી રકમ માટે પ્રતિવાદીને લેણી રકમની નોટિસ આપેલ હોવા છતા લેણી રકમ ચુકવી આપેલ ન હોય આ કામના પ્રતિવાદીએ લોનની રકમ ભરપાઈ કરવા રીવાઈવલ લેટર લખી આપેલ હોય જેથી લેણી રકમ વ્યાજ સહ રકમ મેળવવા હાલનો દાવો કરેલ છે.

૨. સદર દાવો રજીસ્ટરે લઈને પ્રતિવાદીને સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો.

૩. આ કામે પ્રતિવાદીને ધોરણસરની નોટીસ બજવા છતા પ્રતિવાદીઓ તર્ફે વિ.વ.શ્રી બી.સી.બારોટ હાજર થયેલ છે પરંતુ પ્રતિવાદીને પુરતી તથા વ્યાજબી તક આપવા છતા વાદીના દાવા અરજીનો જવાબ રજુ કરેલ ન હોય જવાબનો હક બંધ કરવામાં આવેલ છે.

૪. વાદી તથા પ્રતિવાદી વચ્ચેની તકરાર ધ્યાને લઈ મારા પુરોગામી ન્યાયધિશશ્રીએ દાવાના ન્યાયીક નિર્ણય માટે આંકઃ૨૨ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત કરેલ છે.

યકકગભ

1. Whether plaintiff proves that loan amount of Rs.2,93,202/- outstanding from the defendant ?
2. Whether plaintiff is entitled for interest ? If yes How ?
3. Whether plaintiff is entitled for relief seeking in plaint ?
4. What order and decree ?

૫. ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧)હકારમાં

મુદ્દા નં.(૨હકારમાં,૯ ટકા.

મુદ્દા નં.(૩)અશંતઃહકારમાં

મુદ્દા નં.(૪)આખરી હુકમ મુજબ

૬. વાદીએ દાવાના સર્મથનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

## મૌખીક પુરાવા

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | પટેલ વિજયભાઈ અર્જુનભાઈ ની જુબાની | ૨૫ |

## દસ્તાવેજી પુરાવા

| | |
|---|---|
| (૧)ધિરાણ માટેની અરજી | ૩૧ |
| (૨)લોન મંજુરી પત્ર | ૩૨ |
| (૩)વ્યવસ્થાપત્ર | ૩૩ |
| (૪)સાનગીરોનો કરાર | ૩૪ |
| (૫)રીવાઈવલ લેટર | ૩૫ |
| (૬)એનક્ષર–૧ | ૩૬ |
| (૭)એનેક્ષર–જી | ૩૭ |
| (૮)બોજા દાખલનુ એકરારનામું | ૩૮ |
| (૯)જામીનગીરીમાં મુકેલ જમીનાા ૭/૧૨ના ઉતારા | ૩૯ |
| (૧૦)હકપત્રકની નોંધ | ૪૦ |
| (૧૧)ઓળખના પુરાવા | ૪૧ |
| (૧૨)પ્રતિવાદીને આપેલ નોટિસ | ૪૨ |
| (૧૨)પ્રતિવાદીના ખાતાનુ સ્ટેટમેન્ટ | ૪૩ |

૭. વાદી તર્ફે આંકઃ૫૨ થી પુરાવા બંધ ની પુરસીસ રજુ કરેલ છે.

૮. પ્રતિવાદીએ દાવાના સર્મથનમાં નીચે મુજબના મૌખીક પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખીક પુરાવા**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | કણબી જેસુંગભાઈ ભગવાનભાઈની જુબાની | ૫૪ |

૯. પ્રતિવાદી તર્ફે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.તેમજ આંકઃ૫૫ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૧૦. વાદી તર્ફે વિ.વ.શ્રી બી.એમ.ગોહીલ નાઓએ દલીલ કરી જણાવેલ છે કે,વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ ૨,૯૩,૨૦૨/– રકમ વસુલ મેળવવા દાવો કરેલ છે.પ્રતિવાદી ધાનેરાના ડુગડોલમોટી ગામે રહે છે.તેઓને વાદી બેંકે પાક ધિરાણ આપેલ.જે રકમ વાદી કાયદેસર મેળવવા હકદાર હોય પ્રતિવાદીને નોટિસ આપવા છતા ભરપાઈ કરેલ નથી.પ્રતિવાદીએ લેણી રકમ ચુકવી આપવા માટે રીવાયવલ લેટર લખી આપેલ છે.જે આ કામે અસલ રજુ કરેલ છે.જેમા પ્રતિવાદીની સહી છે.જેથી વાદીના દાવો મુદ્દતમાં છે.વધુમાં જણાવેલ છે કે,આ કામના પ્રતિવાદીએ દાવો દાખલ કર્યા તારીખ થી વસુલ થતા સુધી દાવાની રકમ ચુકવવા કાયદેસર જવાબદાર હોય દાવો મંજુર કરી માંગ્યા મુજબ દાવો વ્યાજ સહીત મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧૧. પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી બી.સી.બારોટ નાઓએ દલીલ કરી જણાવેલ છે કે,પ્રતિવાદીને વાદી બેંકે તા.૨૦/૦૭/૦૬ ના રોજ રૂપિયા ૧,૭૫,૦૦૦/– ની લોન આપેલ છે.તેમજ રૂા.૨,૯૩,૨૦૨/– રૂપિયા મેળવવા દાવો કરેલ છે.જેમાં વ્યાજ તથા મુદ્દલ રકમ બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી.તેમજ પ્રતિવાદીએ લોન લીધા બાદ કોઈ રકમ જમા કરાવેલ નથી.જેથી વાદીના દાવાને મુદ્દતનો બાધ નડે છે.વાદી તર્ફે જે રીવાઈવલ લેટર રજુ કરેલ છે.જે અંગે પ્રતિવાદીને જાણ નથી.પ્રતિવાદી અભણ હોય જેતે સમયે લઈ લીધેલ છે.જેથી પાછળ થી ઉભા કરી ખોટા રીવાઈવલ લેટર રજુ કરેલ છે.જેથી વાદીનો દાવો મુદ્દત બહારના લેણા માટે હોય વાદીનો દાવો રદ્દ કરવા રજુઆત કરેલ છે.

૧૨. ઉપરોકત પુરાવા અંતે મારા ન્યાયીક નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ થી ૩ ના જવાબના સંયુકત કારણોઃ–**

**મુદ્દા નં.૧ થી ૩ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુનથી મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા કરેલ છે.આ કામના વાદીએ પુરાવા અધિનીયમની ની જોગવાઈઓ મુજબ પોતાનો દાવાની હકીકતો પુરવાર કરવી જોઈએ.ના.સુપ્રિ મ કોર્ટના ચુકાદા એ.રાઘવમ્મા વી.એ ચેંચમ્માામાં ઠરાવેલ છે કે,**There is an essential distinction between burden of proof and onus of proof: burden of proof lies upon a person who has to prove the fact and which never shifts. Onus of proof shifts. Such a shifting of onus is a continuous process in the evaluation of evidence.

**વાદી તર્ફે દાવા અરજીની હકીકતો પુરવાર કરવા માટે પટેલ વિજયભાઈ અર્જુનભાઈ નાઓનો આંકઃ૨૫ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમા વાદી બેંક નાઓએ પ્ર તિવાદીને રૂપિયા ૧,૭૫,૦૦૦/–નુ ખેતી પેદાશના હેતુ માટે ધિરાણ મેળવવા અરજી કરતા તા.૨૦/૦૭/૨૦૦૬ ના રોજ પ્રતિવાદીને બેંક એડવાન્સ રેડ થી ૦૦% ઓછા તથા ઓછામાં ઓછા ૧૦.૭૫ % વાર્ષિક ગણતરી અર્ધવાર્ષિક પ્રમાણેનો વ્યાજ દરના લેખે લોન આપેલ હતી.જે વખતે પ્રતિવાદીએ જરૂરી દસ્તાવેજો કરી આપેલ.સદર લોન પેટે પ્ર તિવાદીએ મોજે ડુગડોલમોટી,તા.ધાનેરાના ખાતા નં.૫૦ રે.સ.નં.૯૬+૯૭/૧૦ ક્ષેત્રફળ ૧ –૩૮–૬૧ હે.આરે.ચો.મી.તથા રે.સ.નં.૧૧૦/૪ ક્ષેત્રફળ હે.આરે.૪–૩૬–૦૫ ચો.મી.જમીન તારણમાં મુકેલ.તેમજ સદર લોનની નોંધ ઉપરોકત મિલકતમાં ગામ હકપત્રકે નોંધ નં.૧૦૩૨ થી તા.૨૭/૦૬/૨૦૦૬ ના રોજથી નોંધાયેલ છે.જે લોનની બાકી રકમ માટે પ્રતિવાદીને લેણી રકમની નોટિસ આપેલ હોવા છતા લેણી રકમ ચુકવી આપેલ ન હોય આ કામના પ્ર તિવાદીએ લોનની રકમ ભરપાઈ કરવા રીવાઈવલ લેટર લખી આપેલાનુ જણાવેલ છે.વાદી તર્ફે આંકઃ૩૧ થી આંકઃ૪૩ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.જેમા પ્રતિવાદીએ લોન મેળવવા કરેલ અસલ અરજી પ્રતિવાદીના બેંક ખાતાનુ સ્ટેટમેન્ટ તેમજ પ્રતિવાદીને લોનની બાકી રકમ ચુકવી આપવા આપવામાં આવેલ નોટિસ રજુ કરેલ છે.**

**આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા પ્રતિવાદીને મારી ફરજ દરમ્યાન લોન આપવામાં આવેલ ન હોવાનુ કબુલ રાખે છે.તેમજ પ્રતિવાદીને તા.૨૦/૦૭/૦૬ ના રોજલોન આપેલાનુ કબુલ રાખે છે.તેમજ તા.૦૩/૧૦/૧૩ પહેલા પ્રતિવાદીએ કોઈ રકમ જમા કરાવેલ નથી તેવુ કબુલ રાખે છે.તેમજ તા.૦૩/૧૦/૧૩ ના રોજ લોક અદાલતમાં રૂા.૧ ,૦૦,૦૦૦/– ભરેલાનુ સાહેદ જણાવે છે.તેમજ પ્રતિવાદીએ સને ૨૦૧૦ માં લોન રીન્યુ**

કરાવેલ હોય તેવી હકીકત દાવા કે સોગંદનામા મા જણાવેલ નથી તેવુ કબુલ રાખે છે.વધુમાં પ્રતિવાદી પાસેનુ લેણુ મુદ્દત વીતી ગયેલ હોવાનુ કબુલ રાખે છે.

વધુમાં પ્રતિવાદીએ આંકઃ૫૪ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમા વાદીએ બેંક માંથી તા.૨૦/૦૭/૦૬ ના રોજ ધિરાણ મેળવેલાનુ જણાવે છે અને વાદીએ નવ વર્ષ પછી દાવો કરેલાનુ જણાવેલ છે.જેથી વાદીનો દાવો મુદ્દત બહારનો હોવાનુ જણાવેલ છે.વધુમાં તા.૧૧/૧૦/૧૦ ના કરજ ફરી ચાલુ કરવા અંગેનો પત્ર રજુ કરેલ છે.જેમા તા.૧૦/૨/૦૯ ના રોજ છે.તેમજ તા.૧૨/૧/૧૨,તા.૧૬/૦૮/૧૩ ની છે.જેથી વાદીએ ત્રણ વર્ષમાં દાવો દાખલ કરેલ ન હોવાનુ જણાવેલ છે.જેથી વાદીનો દાવો મુદ્દત બહારનો હોવાનુ જણાવેલ છે.

પ્રતિવાદીની ઉલટ તપાસનો પુરાવો જોતા લોન લીધેલાનુ કબુલ રાખે છે.તેમજ લોન બાબતે હકપત્રકનો નોંધ થયેલાનુ પણ કબુલ રાખે છે.તેમજ રૂા.૨,૯૩,૨૦૨/–બેંકમાં બાકી હોવાનુ કબુલ રાખે છે.

ઉપરોકત પુરાવામાં વાદી બેંક ધ્વારા પ્રતિવાદીને તા.૨૦/૦૭/૦૬ ના રોજ રૂા.૧,૭૫,૦૦૦/– ની લોન આપેલાનુ પ્રતિવાદી તર્ફે સ્વીકૃત હકીકત છે પરંતુ પ્રતિવાદીએ તા.૦૩/૧૦/૧૩ પહેલા કોઈ રકમ ભરપાઈ કરેલાનો ઈનકાર કરેલ છે.જયારે વાદી તર્ફે રજુ કરેલ આંકઃ૪૩ ના પ્રતિવાદીના ખાતાનુ બેંક સ્ટેટમેન્ટ જોતા તેમા પ્રતિવાદીના લોન ખાતાની બાકી રકમ તા.૧૫/૦૩/૧૪ ના રોજ રૂા.૨,૯૩,૨૦૨/–ની હોવાનુ ફલીત થાય છે.તેમજ આંકઃ૩૫ થી રજુ કરેલ રીવાઈવલ લેટર પ્રતિવાદી તર્ફે લોન લેતા સમયે તેમા સહીઓ લીધેલ તેવો વાંધો લીધેલ છે.તેમજ રીવાઈવલ લેટર આંકઃ૩૫ ના જોતા (૧)તા.૧૦/૦૨/૦૯ (૨)તા.૧૨/૦૧/૧૨ (૩)તા.૧૬/૦૮/૧૩ ના રોજના છે.જેમા પ્રતિવાદીની સહી છે.જેથી પ્રતિવાદીએ બાકી લોનની રકમની મુદ્દતનો બાધ ન નડે તે માટે લેખીતમાં સ્વીકાર કરી અલગ અલગ તારીખે પ્રતિવાદીએ રીવાયવલ લેટર સહી કરી લખી આપેલ તે પુરવાર કરેલ છે.જેથી મુદ્દત અધિનીયમની કલમ ૧૮ મુજબ લેખીત સ્વીકાર કરેલ હોય મુદ્દતવીતી લેણુ ચુકવી આપવા પ્રતિવાદી સંમત થયેલ છે.જે વાદી તર્ફે પુરવાર કરેલ છે.જેથી વાદી તર્ફેના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા જોતા દાવાની તારીખે રૂા.૨,૯૩,૨૦૨/– પ્રતિવાદી પાસે લેણુ હોવાનુ પુરવાર થતુ હોય વાદીના દાવાને મુદ્દત મુદ્દતઅધિનીયમનો બાધ

નડતો ન હોય જેથી પ્રતિવાદી પાસે દાવા અરજીમાં જણાવેલ રકમ તથા વ્યાજ મેળવવા હકદાર હોય હુકમ તારીખ થી વસુલ થતા સુધી ૯ ટકા લેખે મેળવવા હકદાર હોય મુદ્દા નં.૧ તથા ર પુરવાર કરેલ છે.જેથી આ કામના વાદી તર્ફે પોતાના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી મુદ્દા નં.૧ તથા ર પુરવાર કરેલ હોય મુદ્દા નં.૧ તથા ર નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.૩ નો જવાબ અશંતઃ હકારમાં આપી મુદ્દા નં.૪ નો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: આ ખ રી હુ ક મ :**

(૧)વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.પ્રતિવાદીએ રૂા.ર,૯૩,ર૦ર/– (અંકે રૂપિયા બે લાખ તાણું હજાર બસો બે પુરા) હુકમ તારીખ થી વસુલ થતા સુધી ૯ ટકા ના વ્યાજના દરે વાદી બેંકને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(ર)વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવુ તથા પ્રતિવાદીને થયેલ ખર્ચ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)હુકમ મુજબ હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ તા.ર૪ માહે એપ્રિલ સને ર૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

સ્થળ:ધાનેરા.

(વિરેન્દ્રસિહ શનાભાઈ ઠાકોર)
પ્રિન્સીપાલ સીવીલ જજ,ધાનેરા.
કોડ નં.જી.જે.૦૧રર૪